# કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો દ્વારા વસો તાલુકાના પલાણા ગામે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત ખાસ શિબિર યોજાઇ

---

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથિરીયા, ના માર્ગદર્શન હેઠળ તા. ૧૧ થી ૧૭, માર્ચ, ૨૦૨૪ દરમિયાન વસો તાલુકાના પલાણા ગામે રાષ્ટ્રીય સેવા યોજના યુનિટની સાત દિવસીય ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ શિબિરમાં કૃષિ મહાવિદ્યાલય, વસોના ૬૦ સ્વયંસેવકો અને કૃષિ પોલિટેકનિક, વસોના ૪૦ સ્વયંસેવકો, એમ કુલ ૧૦૦ સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ખાસ શિબિરમાં એન.એસ.એસ. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો આયોજીત કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત સરકારી યોજનાઓ વિષે વ્યાખ્યાન અને શેરી નાટકો, માર્ગ અને અગ્નિ સલામતી વિષે વ્યાખ્યાન તથા જાગૃતતા રેલી, મહિલા સશક્તિકરણ વિષે વ્યાખ્યાન, વ્યસન મુક્તિ અને પર્યાવરણ સુરક્ષા-સ્વચ્છતા વિશેના શેરી નાટકો, વિશ્વ ચકલી દિવસ વિષે વ્યાખ્યાન, ૧૦૮-ઈમરજન્સી સેવાઓ વિષે વ્યાખ્યાન તથા ગ્રામ-જન સંપર્ક કાર્યક્રમ, રક્તદાન શિબિર, સ્વચ્છ પાણી વિષે જાગૃતતા રેલી, ક્વિઝ સ્પર્ધા, જાતિ અનામત વિષય ઉપર ડિબેટ સ્પર્ધા, પ્રભાત ફેરી, યોગ-પ્રાણાયામ કાર્યક્રમ વગેરે સ્વયંસેવકો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આ ખાસ શિબિરના સમાપન કાર્યક્રમમાં અત્રેની કોલેજના આચાર્ય અને યુનિટ વડા, ડૉ. બી.સી. પટેલ તથા પલાણા ગામના સરપંચશ્રી હાજર રહ્યા હતા. આ ખાસ શિબિરનું સંચાલન અત્રેની કોલેજના આચાર્યશ્રી અને યુનિટ વડાના સીધા નેતૃત્વ હેઠળ ડૉ. ભાસ્કર જેઠવા અને ડૉ. એમ. એન. જેગોડા, પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવેલ હતું.

*************

કાર્યક્રમના ફોટોગ્રાફ:









LEVI'S


રાષ્ટ્રીય સેવા યોજના
કૃષિ મહાવિદ્યાલય - વ - કૃષિ પોલીટેકનીક
આણંદ કૃષિ યુનિવર્સિટી
વસો - ૩૮૭ ૩૮૦
ખાસ શિબિર
National Service Scheme


રાષ્ટ્રીય સેવા યોજના
ખાસ શિબિર